પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૭૬, કુલ પાના:૪, તારીખ: ૨૧-૧૧-૨૦૨૦ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-, VOLUME/YEAR : 24, ISSUE : 76 PRICE :-RS. 1.50 DATE : 21-11-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# સમગ્ર રાજ્યમાં લોકડાઉનની વાત માત્ર અફવા: રૂપાણીની સ્પષ્ટતા

અંબાજી/ગાંધીનગર,

કોરોના સંક્રમણ વધુ ના ફેલાય તે માટે અમદાવાદમાં તકેદારી રૂપે શનિવાર અને રવિવાર એમ બે દિવસ માટે કફર્યુ લગાવવામાં આવ્યો છે. ત્યારે બીજી તરફ અમદાવાદમાં કરફ્યુ લંબાશે તેવી દહેશતે ખરીદી માટે લોકોની ભીડ દેખાઈ રહી છે. બીજી બાજુ લોકોમુખે એવી ચર્ચા થઈ રહી છે કે અમદાવાદ બાદ સમગ્ર ગુજરાતમાં આ પ્રકારનો કફર્યુ લાદવામાં આવશે.

આ મામલે મુખ્યમંત્રી રૂપાણીએ સ્પષ્ટતા કરી કે ગુજરાતમાં લોકડાઉન લાગુ નહી થાય, માત્ર વિકેન્ડ કરફ્યુ લાગુ કરવામાં આવ્યો છે. અમદાવાદમાં



તકેદારીના ભાગરૂપે વીક એન્ડમાં કરફ્યુ લાદ્યાનુ નિવેદન આપ્યુ છે.

મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણીએ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભક્તિભાવપૂર્વક આદ્યશક્તિ મા અંબેના દર્શન અને પૂજા અર્ચના નૂતન વર્ષ માં આજે કર્યા હતા. અંબાજીમાં મા અંબાના દર્શન બાદ તેમણે પત્રકારો સાથે વાત કરી હતી. તેમણે કહ્યુ કે કોરોના સામે લડવા માટે સરકાર સજ્જ છે. સાથે જ લોકોને સાવચેત રહેવાની પણ અપીલ કરાઈ હતી. તો શાળાઓ શરૂ કરવાના મુદ્દે કહ્યુ હતુ કે આગામી બેઠકમાં હવે શાળાઓ ક્યારે શરૂ કરવી તેનો નિર્ણય લેવાશે. રાજ્યમા કોરોનાનુ સંક્રમણ વધ્યાનો તેમણે સ્વીકાર કર્યો હતો. અમદાવાદમાં શનિવાર અને રવિવારે લાગનારા ૫૭ કલાકનો કફ્યૂ માત્ર અમદાવાદ શહેર પૂરતો જ છે. રાજ્યના અન્ય તમામ શહેરોમાં રાબેતા મુજબ કાર્ય ચાલુ રહેશે. સતત ફેલાતા કોરોનાના સંક્રમણને અટકાવવા માટે સરકારે આ નિર્ણય લીધો છે.

નોંધનીય છે કે દિવાળી દરમિયાન ખરીદી વખતે લોકોની બેદરકારી, કોરોના જેવું કંઈ છે નહીં તેવી અનેક લોકોની બેજવાબદાર માનસિક્તાને પગલે ગુજરાતમાં કોરોના વાયરસે માથું ઉંચક્યું છે અને દિવસેને દિવસે ચિંતાજનક સ્થિતી સર્જાઈ રહી છે.

## અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરામાં રાત્રી કર્ફ્યુ

**કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે આ નિર્ણય લેવાયો છે: મુખ્યમંત્રી.**

**- કફ્યૂ જાહેરાત સાથે જ લોકોની ભીડ ચારેબાજુ ઉમટી, કોરોના વિસ્ફોટ થવાની શક્યતા, સરકારે ૨૩ નવેમ્બરથી શાળા-કૉલેજો ખોલવાનો નિર્ણય મોકૂફ રાખ્યો.**

તહેવાર પછી ગુજરાતમાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના કારણે રાજ્ય સરકાર દ્વારા કોરાના વાયરસના સંક્રમણને અટકાવવા અનેક નિર્ણયો કરી રહી છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં આગામી તારીખ ૨૩ નવેમ્બરથી શાળા-કોલેજો શરૂ કરવાનો નિર્ણય કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે હાલ પૂરતો મોકૂફ રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે શાળાઓ-કૉલેજોને બંધ રાખવાનો નિર્ણય હાલની સ્થિતિને જોતા કર્યો છે. આગામી બેઠકમાં સમીક્ષા કરીને આગળની જાહેરાત કરીશું. બીજી તરફ રવિવારે સીએની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓની ચિંતા વધી છે. લોકડાઉનને કારણે વિદ્યાર્થીઓની પરીક્ષા મોકૂફ રાખવાનો નિર્ણય સરકારે કર્યો છે. ૪૦૦ સેન્ટર પરથી ૪.૫ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના હતા.

## અમદાવાદમાં આજ રાત્રે ૯થી ST બસના પ્રવેશ પર લગાવવામાં આવ્યો પ્રતિબંધ

અમદાવાદ,

અમદાવાદમાં કોરોના વકરતા સરકારે આજ રાતના નવ વાગ્યાથી એસટી સર્વિસ બંધ કરવાનો નિર્ણય લીધો છે. આના પગલે રાતના નવ વાગ્યા પછી એસટી બસો અમદાવાદમાં નહી પ્રવેશી શકે અને બહાર પણ નહીં જઈ શકે. આગામી નિર્ણય જાહેર ન થાય ત્યાં સુધી આ નિર્ણય અમલી રહેશે. સરકારના આ નિર્ણયના પગલે અમદાવાદના ગીતામંદિર એસટી સ્ટેશન પર યાત્રિકોનો ધસારો જોવા મળ્યો હતો. તેમા સોશિયલ ડિસ્ટન્સિંગના લીરેલીરા ઉડ્યા હતા. અમદાવાદ આવેલા



લોકોએ રીતસર પરત ફરવા માટે ગીતામંદિર સહિતના મોટા એસટી સ્ટેન્ડ્સ તરફ દોટ લગાવી હતી. તેના પગલે અમદાવાદના ગીતામંદિર સાથેના વિવિધ એસટી સ્ટેન્ડ પર ભારે ધસારો જોવા મળ્યો હતો. તેની સાથે નિયમોના પાલનની વાત તો દૂર પણ નિયમ જેવું જ કશું દેખાતું ન હતું. આ સંજોગોના કોરોના ફેલાતો ક્યાંથી અટકે.

આ રીતે એસટીમાં જનારા પ્રવાસીઓ જ્યાં-જ્યાં પણ જાય તે પોતાના વિસ્તારમાં સુપરસ્પ્રેડર બની શકે છે.દિવાળીના તહેવાર પછી અમદાવાદમાં કોરોનાના કેસમાં વધારો થવાથી પરિસ્થિતિ વધારે ગંભીર થઈ છે. સરકારે આ ગંભીરતાને ધ્યાનમાં રાખીને શુક્રવારે રાતે નવ વાગ્યાથી ૨૩મીએ સોમવારે સવારે છ વાગ્યા સુધીના ૫૭ કલાકના કરફ્યુની જાહેરાત કરી છે. તેના પછી સરકારે ગઈકાલે ૨૩મીથી શાળા કોલેજો શરૂ કરવાની હતી તે નિર્ણય પર બદલતા શાળા કોલેજોને આગળ જાહેરાત થાય નહીં ત્યાં સુધી બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. આના પછી હવે શહેરમાં આજ રાતથી સોમવાર સવાર સુધી એસટી બસની સેવા બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. રાત્રે નવ વાગ્યા પછી શહેરમાં એસટી બસ નહીં પ્રવેશી શકે.

એસટીના અમદાવાદમાં પ્રવેશ પરના પ્રતિબંધના સમાચારને અમદાવાદ એસટીના ડેપો મેનેજર એચ.એન. દવેએ સમર્થન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે શુક્રવારથી કરફ્યુને લઈને અમદાવાદમાં એસટીના આવાગમન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ સિવાય બહારગામથી અમદાવાદ થઈને જતી એસટી બસો હવે અમદાવાદ બાયપાસ થઈને જશે. અમદાવાદમાં રાત્રે ઉપડતી લગભગ ૩૫૦ જેટલી બસો બંધ રાખવાનો નિર્ણય પણ એસટી વિભાગે લીધો છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં કેસો વધતા સાવચેતીના ભાગરૂપે દસક્રોઈની બારેજા નગરપાલિકાએ ૨૧ થી ૩૦ નવેમ્બર સુધી સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કર્યું છે. અમદાવાદમાં આ પહેલા સ્થિતિ સુધરતા પહેલી ઓગસ્ટે કરફ્યુ હટાવવામાં આવ્યો હતો.

## કોરોના કેર વચ્ચે દિલ્હીમાં ઠંડીનો આતંક: તાપમાન સાડા સાત ડિગ્રીએ પહોંચ્યું

ન્યુ દિલ્હી,

પાટનગર નવી દિલ્હીમાં ઠંડીએ છેલ્લાં દસ વરસનો રેકોર્ડ આજે સવારે તોડી નાખ્યો હતો. તાપમાન ઘટીને સાડા સાત ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું હતું. દિલ્હીગરો સવારે ઊઠતાંવેંત ઢૂંઠવાવા માંડ્યો હતો.

હવામાન ખાતાએ આમ તો એવો અણસાર આપ્યો હતો કે ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં ખૂબ બરફ પડી રહ્યો હોવાથી ઠંડી વધશે પરંતુ આજે સવારે તો દિલ્હીગરાએ કલ્પના નહોતી કરી એવી ઠંડી પડવા લાગી હતી. છેલ્લાં દસ વરસમાં દિલ્હીમાં કદી તાપમાન ઘટીને સાડા સાત ડિગ્રી સેલ્સિયસ જેટલું થયું નહોતું.

ગુરૂવારે દિલ્હીમાં સાડા નવ ડિગ્રી સેલ્સિયસ જેટલું તાપમાન હતું. આજે સવારે બીજી બે ડિગ્રી ઘટી જતાં ઠંડી ઓચિંતી વધી જવા પામી હતી. હવામાન ખાતાના એક પ્રવક્તાએ કહ્યું હતું કે સામાન્ય રીતે દિલ્હીમાં નવેંબરની ૧૯મી અને ૨૧ વચ્ચે સાડા બાર ડિગ્રી સેલ્સિયસ જેટલું અને ૨૨થી ૨૬ નવેંબર વચ્ચે તાપમાન સાડા અગિયાર ડિગ્રી જેટલું હોય છે. એને બદલે આ વખતે ૨૦મી નવેંબરે જ તાપમાન ઘટીને સાડા સાત ડિગ્રી થઈ ગયું હતું. એનો અર્થ એવો પણ છે કે આવનારા દિવસોમાં ઠંડી વધશે.

## કોરોના કેસો વધતા ગાંધીનગર અક્ષરધામ મંદિર ત્રણ દિવસ રહેશે બંધ

ગાંધીનગર,

અમદાવાદ સહિત રાજ્યભરમાં કોરોનાની બીજી લહેર જોવા મળી રહી છે. અમદાવાદમાં કોરોનાના કેસ વધતા ૫૭ કલાકનો કરફ્યૂ લાદવામાં આવ્યો છે. બીજી તરફ ધાર્મિક સ્થળોમાં ભક્તોની ભીડ ભેગી ના થાય તે માટે સાવચેતાની ભાગ રૂપે તેને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગાંધીનગર અક્ષરધામ મંદિર પણ ૨૦ નવેમ્બર રાત્રિથી ૨૩ નવેમ્બર સુધી બંધ રહેશે. શનિવાર અને રવિવારે રજાના દિવસ હોવાથી ભક્તોની ભારે ભીડ દર્શનાર્થે આવતી હોય છે. સાવચેતીના ભાગરૂપે ગાંધીનગર અક્ષરધામ મંદિર સહિતના ધાર્મિક સ્થળોને ૨૦ નવેમ્બર રાત્રે ૯ વાગ્યાથી સોમવાર સવારે ૬ વાગ્યા સુધી બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજકોટ કાલાવાડ રોડ પર આવેલા મંદિરને પણ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### વડાપ્રધાન મોદીએ શાહ,ડોભાલ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી

## નગરોટામાં માર્યા ગયેલા આતંકીઓ દેશમાં મુંબઈ જેવો હુમલો કરવા ઘૂસ્યા હતા

ન્યુ દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગૃહમંત્રી અમિત શાહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, વિદેશ સચિવ અને શીર્ષ ખુફિયા ઑફિસરોની સાથે નગરોટા એક્રાઉન્ટર પર સમીક્ષા બેઠક કરી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સરકારનું એ માનવું છે કે આતંકવાદી ૨૬/૧૧ની વર્ષગાંઠ પર એક આતંકવાદી હુમલો કરવાની યોજના બનાવી રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે ગુરૂવારની સવારે થયેલી



અથડામણમાં ૪ આતંકવાદીઓ માર્યા ગયા હતા. વડપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગૃહમંત્રી, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર, વિદેશ સચિવ અને શીર્ષ ખુફિયા અધિકારીઓ સાથે નગરોટા એક્રાઉન્ટર પર સમીક્ષા બેઠક કરી.

સરકારી સૂત્રો પ્રમાણે આ આતંકવાદીઓ ૨૬/૧૧ હુમલાની વર્ષગાંઠ પર એક આતંકવાદી હુમલો કરવાની તૈયારીમાં હતા. ઉલ્લેખનીય છે કે જમ્મુના નગરોટામાં બન ટોલ પ્લાઝા પર ચેકિંગ દરમિયાન સુરક્ષાદળોએ ૪ આતંકવાદીઓને એન-૪૪ પર ઠાર કર્યા હતા. આતંકવાદી એક ટ્રકમાં છૂપાઈને આવી રહ્યા હતા અને ચેકિંગ માટે રોકવા પર ફાયરિંગ શરૂ કરી દીધું. જવાબી કાર્યવાહીમાં જવાનોએ ટ્રકને વિસ્ફોટથી ઉડાવી દીધું, ત્યારબાદ આતંકવાદીઓ નજીકના જંગલ તરફ ભાગવા લાગ્યા.

૩ કલાક સુધી ચાલેલા ઑપરેશનમાં તમામ આતંકવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા. જમ્મુ-કાશ્મીર પોલીસના આઈજી વિજય કુમારે જણાવ્યું કે, ખુફિયા ઈનપુટ પર ચેકિંગ અભિયાન ચલાવવામાં આવી રહ્યું હતુ. એક ટ્રકની તપાસ શરૂ કરવા પર ફાયરિંગ શરૂ થઈ ગઈ. આ એક્રાઉન્ટર ૩ કલાક સુધી ચાલ્યું. ઑપરેશનને પોલીસ, સીઆરપીએફ અને આર્મીની યૂનિટે અંજામ આપ્યો. આ ચારેય આતંકવાદીઓનો સંબંધ જૈશ-એ-મોહમ્મદ સાથે છે.

## રાજ્યોને કોરોના ટેસ્ટિંગ માટે આક્રમક રીતે અભિયાન ચલાવવા કેન્દ્રની સૂચના

ન્યુ દિલ્હી,

દેશમાં વધી રહેલા કોરોના સંક્રમણના કેસો વચ્ચે કેન્દ્ર સરકાર રાજ્યોમાં સ્વાસ્થ નિષ્ણાંતોની અળગ-અલગ ટીમ્સ મોકલવા પર વિચારણા કરી રહી છે. ચાર રાજ્યો ગુજરાત, રાજસ્થાન, મણિપુર અને હરિયાણામાં માં સ્થિતિ અંકુશ બહાર દેખાતા કેન્દ્ર સરકારે આવી ટીમો મોકલી ચૂકી છે.

વધી રહેલા કોરોના સંક્રમણના કેસોના સંદર્ભમાં કેન્દ્ર સરકાર રાજ્યોને સલાહ આપી હતી કે, ઠંડીમાં કેસ વધવાની આશંકાએ તપાસનો વિસ્તાર વધારે અને શંકાસ્પદ દર્દીઓની ઓળખ કરે. રાજ્યોને ટેસ્ટિંગ માટે આક્રમક રીતે અભિયાન ચલાવવા માટે કેન્દ્રએ સૂચના આપી હતી, જેથી મોટા ભાગના કોરોનાથી સંક્રમિત લોકોની શરુઆતના સ્ટેજમાં જ ઓળખ કરી લેવાય. આવા કેસ પકડમાં ન આવતા સંક્રમણ બહોળી રીતે ફેલાવાની સંભાવના રહે છે.

આ પહેલા ગુરુવારે કેન્દ્ર સરકાર હરિયાણા, ગુજરાત, રાજસ્થાન અને મણિપુર માટે સ્વાસ્થ નિષ્ણાંતોની ટીમ્સ રવાના કરી હતી, આ ટીમ્સ રાજ્યોના સૌથી વધુ પ્રભાવિત જીલ્લાઓ પર નજર નાખી, જરુરી ફેરફારો અંગે સૂચન કરશે.

## તાલુકા પંચાયત, ઝાલોદ

જી.દાહોદ



: પ્રમુખ :
ચંપાબેન બાબુભાઈ નિસરતા



: કારોબારી અધ્યક્ષ :
લલિતાબેન જોધસિંહભાઈ ડામોર



: સામાજીક ન્યાય સમિતી અધ્યક્ષ :
સુરેશભાઈ જોરાભાઈ અમલીયાર



: ઉપપ્રમુખ :
વાઘજીભાઈ કાળુભાઈ અમલીયાર

: યોજના અધિકારી/ તાલુકા વિકાસ અધિકારી :
ડી. એન. પટેલ
તથા તમામ સ્ટાફગણ તરફથી સૌને દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ.....

### જન્મ નોંધણી અંગેની જાહેર નોટીસ

**અરજદાર : પારગી પ્રેમાભાઈ ખીમાભાઈ, રહે. સારમારીયા, તા.ઝાલોદ, જી.દાહોદ.**
**સામાવાળા : જન્મ મરણ રજીસ્ટાર અને તલાટી કમ મંત્રી, સારમારીયા, તા.ઝાલોદ, જી.દાહોદ**

-:: હુકમ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત સબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિષયના અરજદાર પારગી પ્રેમાભાઈ ખીમાભાઈ, રહે.સારમારીયા, તા.ઝાલોદ, જી.દાહોદ એ તેમની જન્મ તા.૧૦/૧૦/૧૯૬૧ના રોજ મુ.સારમારીયા, તા.ઝાલોદ, જી.દાહોદ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી તેઓની જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધણી કરાવવા સારૂં અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. વાસ્તે સદર હું અરજદારની અરજી સામે જે કોઈ લાગતાં વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦(ત્રીસ)માં અત્રેની કોર્ટમાં રજુ કરવા. જો નિયત મુદ્દત દરમ્યાન કોઈ વાંધો તકરાર રજૂ નહી કરવામાં આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુસાર આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

આજ તા.૨૭ મી ઓક્ટોબર સને ૨૦૨૦ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

**એસ.ડી. ચૌધરી**
**સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટ**
**ઝાલોદ**

### જન્મ નોંધણી અંગેની જાહેર નોટીસ

**અરજદાર : પારગી નકાભાઈ ખીમાભાઈ, રહે. સારમારીયા, તા.ઝાલોદ, જી.દાહોદ.**
**સામાવાળા : જન્મ મરણ રજીસ્ટાર અને તલાટી કમ મંત્રી, સારમારીયા, તા.ઝાલોદ, જી.દાહોદ**

-:: હુકમ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત સબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિષયના અરજદાર પારગી નકાભાઈ ખીમાભાઈ, રહે.સારમારીયા, તા.ઝાલોદ, જી.દાહોદ એ તેમની જન્મ તા.૧૫/૦૬/૧૯૬૨ના રોજ મુ.સારમારીયા, તા.ઝાલોદ, જી.દાહોદ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી તેઓની જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધણી કરાવવા સારૂં અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. વાસ્તે સદર હું અરજદારની અરજી સામે જે કોઈ લાગતાં વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦(ત્રીસ)માં અત્રેની કોર્ટમાં રજુ કરવા. જો નિયત મુદ્દત દરમ્યાન કોઈ વાંધો તકરાર રજૂ નહી કરવામાં આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુસાર આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

આજ તા.૨૭ મી ઓક્ટોબર સને ૨૦૨૦ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

**એસ.ડી. ચૌધરી**
**સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટ**
**ઝાલોદ**

નૂતન વર્ષાભિનંદન
**સરાડીયા ગ્રામ પંચાયત**

: સરપંચ : દક્ષાબેન રમેશભાઈ સોલંકી
: ડે.સરપંચ : વર્ષાબેન ભરતભાઈ સોલંકી
: તલાટી/મંત્રી : સતીષ પટેલ
તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. સરાડીયા, તા.વિરપુર

નૂતન વર્ષાભિનંદન
**દેલોચ ગ્રામ પંચાયત**

: સરપંચ : માલીવાડ અભેસિંહ હિરાભાઈ
: ડે.સરપંચ : તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
: તલાટી/મંત્રી : એસ. એમ. બામણીયા
મુ.દેલોચ, તા.મોરવા(હ)

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# કોરોનાના વધતા જતા સંક્રમણને નિયંત્રણમાં રાખવા જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠક


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, દિવાળીના તહેવારો બાદ જિલ્લામાં કોરોનાના કેસોનું પ્રમાણ જોવા મળી રહ્યું છે. ત્યારે કોરોનાના કેસોનું પ્રમાણ વધવા ન પામે તેમજ સંક્રમણ નિયંત્રણમાં રહે તે માટે આજે કલેક્ટરાલય ખાતે જિલ્લા કલેકટર આર.બી.બારડના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર આર.બી.બારડે સંબંધિત અધિકારીઓને સરકારના દિશા નિર્દેશો અને ગાઈડલાઈનનું કડકાઈથી પાલન કરવા અને કરાવવા સૂચવ્યું હતું.

માસ્ક પહેર્યા વગર ફરતાં અને સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન ન કરતા નાગરિકો સામે નિયમાનુસાર દંડનીય કાર્યવાહી કરવા કહ્યું હતું. વધુમાં બારડે દુકાનદારો સહિત કોઈપણ વેપારીઓ, ફેરિયાઓ પણ માસ્ક વગર ફરતાં હોય તો તેઓની સામે દંડનીય કાર્યવાહી સહિત જરૂર પડે સીલ કરવા સહિતની સખ્તાઈથી કામ લેવા પણ જણાવ્યું હતું. આરોગ્ય વિભાગને બેંકો, મીઠાઈ ફરસાણ, કાપડ, ઝવેરી સહિત અન્ય દુકાનદારોના સેમ્પલ લેવા સૂચવ્યું હતું. આ ઉપરાંત કન્ટેનમેન્ટ ઝોનની અવારનવાર મુલાકાત લેવા અને જે તે વિસ્તાર સેનેટાઇઝ થાય તેની ચકાસણી કરતા રહેવા સૂચવ્યું હતું.

દરેક તાલુકામાં કલસ્ટર આવેલા હોવાથી કલસ્ટર પ્રમાણે અધિકારી કર્મચારીઓની બે ત્રણ ટીમ બનાવી અને જરૂર પડે તો પોલીસ વિભાગનો પણ સહયોગ લઈ કન્ટેનમેન્ટ વિસ્તારમાં વિશેષ ધ્યાન રાખવા અને ટેસ્ટિંગ કરવા જણાવ્યું હતું. આરોગ્ય કર્મીઓને દર્દીઓને ટ્રાવેલીંગ હીસ્ટ્રીની સંપૂર્ણ નોંધ રાખવાની સાથે તેના કોન્ટેક્ટ ટ્રેસીંગ કરવા પર ભાર મૂકી આ બધાની સંપૂર્ણ માહિતી એકત્ર કરવા કહ્યું હતું.

આગામી સમયમાં આવી રહેલ લગ્ન સીઝનનો ઉલેખ કરી વાડી પાર્ટીપ્લોટના સંચાલકો સાથે કોવિડ-૧૯નું ચુસ્તપણે પાલન થાય અને લગ્ન સમારોહ દરમિયાન કોરોનાનું સંક્રમણ ન ફેલાય તે માટે ગંભીરતાથી લગ્ન સમારોહનું આયોજન સરકારની ગાઈડલાઈન અનુસાર થાય તે માટે બેઠક કરવા જણાવ્યું હતું. બેઠકમાં બારડે કોરોના પ્રતિ જાગૃતિ આવે તે માટે ગામેગામ પ્રચાર પ્રસારની કામગીરીને વેગ આપવા ઉપરાંત અને સંજીવનીનાં વધુને વધુ નાગરિકો લાભ લે તે માટે માર્ગદર્શન આપતા રહેવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

કલેકટરએ ગામેગામ પ્રજાજનો દ્વારા આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવામાં આવે તે માટે પ્રેરિત કરવા અને તેની ઉપયોગીતા સમજાવવા કહ્યું હતું. આ ઉપરાંત સંકલન ઓફિસરો અને આરોગ્ય કર્મીઓ દ્વારા ઘનિષ્ઠ સર્વે કરવા ટેસ્ટીંગ વધારવા જણાવ્યું હતું.

આરોગ્ય વિભાગના અધિકારીઓને ખાનગી તબીબો પાસે આવતા દર્દીઓની સંપૂર્ણ માહિતી આરોગ્ય વિભાગને મોકલી આપવામાં આવે તે માટેની જાણ કરવામાં આવે તે માટે ખાનગી તબીબો સાથે બેઠક કરવા સૂચવ્યું હતું. બેઠકમાં જિલ્લા પોલીસ વડા બારોટે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાણકારી આપી કોરોનાના સંક્રમણના અટકાયતી તમામ પગલાઓ ભરવામાં પોલીસ વિભાગનો સંપૂર્ણ સહયોગ મળી રહેશે તેમ જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, સી.ડી.એચ.ઓ ડો.એસ.બી. શાહ સંતરામપુર, બાલાસિનોર અને લુણાવાડાના પ્રાંત અધિકારીઓ, ડી.વાય.એસ.પી. એન.વી.પટેલ, તાલુકા હેલ્થ ઓફિસર સ્ત્રીઓ સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જિલ્લામાં આજે ૨૭ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૩ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૧ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, વિરપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૫ પુરૂષોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૦-૧૧-૨૦૨૦ના સાંજના ૬-૦૦ વાગ્યા સુધીમાં ૧૪૯૪ કેસ પોઝીટીવ નોંધાયા છે. આજે જિલ્લા માં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાના ૦૭ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૩૧૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૮૧૯૪૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૨૯ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૯ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૦૩ દર્દી હોમ આઈસોલેશન, ૦૩ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૧ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૬ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૨૬ દર્દીઓ સ્ટેબલ, ૦૬ દર્દીઓ ઓક્સિજન પર છે.

# મહીસાગર જિલ્લામાં સરકારી ઉ. મા. શાળાઓમાં પસંદગી પામેલ શિક્ષણ સહાયકોને નિમણુંક હુકમો એનાયત કરાયા



લુણાવાડા, મહીસાગર જિલ્લાના લુણાવાડા મુકામે એમ. પી. મહેતા, નાયબ નિયામક (મહેકમ) નિયામક, શાળાઓની કચેરી, ગાંધીનગરના હસ્તે સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી ૨૦૧૯-૨૦માં પસંદગી પામેલ કુલ-૦૯ ઉમેદવારોને મહીસાગર જિલ્લાની વિવિધ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક પામેલ શિક્ષકોને સરકારની કોવિડ-૧૯ ગાઈડલાઈન મુજબ લુણાવાડા ખાતેની પંચશીલ હાઈસ્કૂલ ખાતે જિલ્લા શિક્ષણાધિકારી પી.એન.મોદીના અધ્યક્ષ સ્થાને નિમણુંક હુકમો એનાયત કરવામાં આવ્યા હતા.

આ નિમણુંક પત્ર મેળવનાર શિક્ષકોએ સરકારની આ પારદર્શક ભરતી પ્રક્રિયા અંગે આભારની લાગણી વ્યક્ત કરી પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવવાની ખાત્રી આપી હતી. જ્યારે મોદીએ નિમણુંક મેળવનાર તમામ શિક્ષકોને જરૂરી માર્ગદર્શન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે શિક્ષણ નિરીક્ષક જે.એસ.પટેલ, વહીવટી અધિકારી જે.એમ.પટેલ સહિત ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડાની પંચશીલ હાઈસ્કૂલનું ગૌરવ



લુણાવાડા, ૩૦, ગુજરાત બટાલિયન, ગઈઈ, ગોધરા, દ્વારા મહારાષ્ટ્રના કામ્પટી ખાતે ૬૦ દિવસનો અસોસિયેટ ગઈઈ ઓફિસર (અગઘ) ની તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમમાં લુણાવાડાની પંચશીલ હાલસ્કૂલમાં માધ્યમિક વિભાગમાં મદદનીસ શિક્ષક તરીકે ફરજ બજાવતાં અરવિંદકુમાર પટેલે ભાગ લીધો હતો.

આ ૬૦ દિવસીય તાલીમ દરમિયાન પટેલે પી.ઈ, પરેડ, ડ્રીલ, વોલીબોલ, બાસ્કેટબોલ, ફાયરીંગ, યુવા શક્તિ, નાટક, કેમ્પ અને ફ્લેગ એરિયામાં શ્રેષ્ઠ દેખાવ કરી ચેમ્પિયન ટ્રોફી મેળવી હતી.

શ્રેષ્ઠ કામગીરી બદલ મહીસાગર જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા શુભેચ્છાઓ સહિત અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આમ પટેલે લુણાવાડા પંચશીલ હાઈસ્કૂલ સહિત જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.


# કોરોનાને કારણે કરફયુ વચ્ચે અમદાવાદમાં ૨૨ તારીખે ૧૬૦૦ લગ્ન

અમદાવાદ, કોરોનાના વધી રહેલા કેસોના કારણે અમદાવાદ શહેરમાં શનિવાર અને રવિવાર એ બે દિવસ સંપૂર્ણ કરફયુ લાદવાની ગુજરાત સરકારે જાહેરાત કરી છે. અમદાવાદમાં એકાએક કર્ફ્યૂથી ઈવેન્ટ મેનેજરો અકળાયા છે. દિવસનું કફર્યુ હટાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. ૨૨ નવેમ્બરે વર્ષનું પહેલું લગ્નનું મુહૂર્ત છે. ૨૨ તારીખે કરફયુ હશે તો અમદાવાદમાં ૧૬૦૦ લગ્ન રદ થશે. માંડ માંડ રોજગાર મળ્યો તેમાં કર્ફ્યુ આવતા સ્થિતિ કફોડી બની છે. એડવાન્સ પેમેન્ટ લઈ ચૂકેલા ઈવેન્ટ મેનેજરો માટે સ્થિતિ કફોડી છે.

અમદાવાદમાં શનિવાર અને રવિવારે લાગનારા ૬૦ કલાકનો કર્ફ્યૂ માત્ર અમદાવાદ શહેર પૂરતો જ છે. રાજયના અન્ય તમામ શહેરોમાં રાબેતા મુજબ કાર્ય ચાલુ રહેશે. સતત ફેલાતા કોરોનાના સંક્રમણને અટકાવવા માટે સરકારે આ નિર્ણય લીધો છે. અમદાવાદ શહેરમાં છેલ્લા એક સપ્તાહ દરમિયાન કોરોના સંક્રમણને લઈ વકરી રહેલી પરિસ્થિતિન લઈ આ અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી,

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સાથે બેઠક યોજાયા બાદ તેમાં લેવાયેલા મહત્ત્વના નિર્ણયોની જાહેરાત કરતા અધિક મુખ્ય સચિવ ડો. રાજીવકુમાર ગુપ્તાએ જણાવ્યું હતું કે, અસારવા સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં કેન્સર અને કિડની હૉસ્પિટલમાં ૪૦૦ વધુ બેડની સુવિધા કરાશે. સોલા સિવિલમાં ૪૦૦ વધારાની પથારીની સુવિધા કરાશે. જ્યારે ગાંધીનગર નજીકના વિસ્તારોના દર્દીઓ માટે ગાંધીનગર સિવિલમાં ૧૦૦ બેડની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

# કોરોનાના કારણે હવે રાજ્યમાં ૨૩ નવેમ્બરથી નહિ ખુલે શાળા-કોલેજો



ગાંધીનગર, દિવાળીના તહેવાર પછી ગુજરાતમાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના કારણે રાજ્ય સરકાર દ્વારા કોરાના વાયરસના સંક્રમણને અટકાવવા અનેક નિર્ણયો કરી રહી છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં આગામી તારીખ ૨૩ નવેમ્બરથી શાળા-કોલેજો શરૂ કરવાનો નિર્ણય કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે હાલ પૂરતો મોકૂફ રાખવામાં આવ્યો છે. બીજી તરફ રવિવારે સીએની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓની ચિંતા વધી છે. લોકડાઉનને કારણે વિદ્યાર્થીઓની પરીક્ષા મોકૂફ અંગે નિર્ણય લેવાઈ શકે છે. ૪૦૦ સેન્ટર પરથી ૪.૫ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. આ પહેલા અમદાવાદ મેડિકલ એસોસિએશનના તબીબી નિષ્ણાતોએ ૨૩ નવેમ્બરની જગ્યાએ ડિસેમ્બરના પ્રારંભે શાળાઓ ખોલવા સૂચન કર્યું હતું. કોરોના વાયરસના સંક્રમણના કારણે દેશભરમાં લૉકડાઉનન જાહેર કરવામાં આવ્યું હતું ત્યારથી માંડીને આજ દિન સુધી શૈક્ષણિક સંસ્થાઓ બંધ છે. પરંતુ થોડા દિવસ પૂર્વે જ કોરોનાના કેસની સંખ્યામાં ઘટાડો રાજ્ય સરકાર દ્વારા શાળાઓ શરૂ કરવા પર મંથન શરૂ કરાયું હતું. દિવાળી બાદ ૨૩ નવેમ્બરથી ધોરણ ૯થી ૧૨ ની શાળાઓ શરૂ કરવાના નિષ્કર્ષ પર રાજ્ય સરકાર પહોંચી હતી. આ માટે ૨૩ નવેમ્બરની તારીખ અને સરકારી ગાઈડલાઈન પણ જાહેર કરી દેવાઈ હતી. પણ દિવાળીના તહેવારમાં કોરોનાના વધતા કેસોનો અભ્યાસ કરતા સંક્રમણ ની ગંભીરતા વધી છે. અમદાવાદ મેડિકલ એસોસિએશનના તબીબો પણ માની રહ્યા છે કે, હાલમાં કોરોનાના કેસમાં ફરી વધારો થઈ રહ્યો છે. જાણે કે કોરોનાનો બીજો રાઉન્ડ શરૂ થઈ ગયો છે.

# કચ્છમાં પાંચ દિવસમાં ભૂકંપના ૫ આંચકાથી લોકોમાં ડરનો માહૌલ




કચ્છ, દિવાળીના સપરમા દિવસોમાં સૌકોઈ તહેવારોની ઉજવણીમાં વ્યસ્ત હતા. આ દરમ્યાન એટલે કે પાંચ દિવસ દરમ્યાન જુદા-જુદા સમયે ૧.૩ થી લઈને ૨.૩ ની તીવ્રતાના ૫ આંચકા કચ્છનાં વિવિધ વિસ્તારોમાં અનુભવાયા હતા, જેના કારણે લોકોમાં ચિંતા ફેલાઈ હતી. કચ્છમાં વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ સમયાંતરે નાના-મોટા ધરતીકંપના આંચકા આવતા જ રહે છે. ત્યારે દિવાળીના પર્વમાં પણ જુદા-જુદા સમયે ૬ આંચકા અનુભવાયા હતા.

ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરીમાં નોંધાયેલા આંકડા પ્રમાણે તા.૧૪નાં રોજ સવારે ૭:૨૫ વાગ્યે દુધઈ પાસે ૨.૧ ની તીવ્રતાનો, તા.૧૬નાં રોજ સવારે ૪:૪૮ વાગ્યે ખાવડા પાસે ૧.૬ ની તીવ્રતાનો, સવારે ૭:૫૦ વાગ્યે રાપર પાસે ૧.૬ ની તીવ્રતાનો, તા.૧૮નાં રોજ સવારે ૧૧:૦૫ વાગ્યે ધોળાવીરા પાસે ૧.૭ ની તીવ્રતાનો અને તા.૧૯નાં રોજ બપોરે ૧:૫૬ વાગ્યે ૨.૩ ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. સમયાંતરે આવેલા આંચકાના પગલે લોકોમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો હતો. પૂર્વ કચ્છમાં જ્યારથી વાગડ ફોલ્ટલાઈન સક્રિય બની છે ત્યારથી આંચકાઓનું પ્રમાણ વધ્યું છે, ત્યારે તે વિસ્તારમાં ભૂ-સંશોધનની માગ પણ વધી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૨૧-૧૧-૨૦૨૦, શનિવાર, નિજ કારતક સુદ-૭, સૂર્યોદય-૭-૦૩, સૂર્યાસ્ત-૬-૦૧, જૈન નવકારશી-૭-૫૦, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્ર: શ્રવણ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૮-૨૭ થી શુભ-૯-૪૯ સુધી, ૧૨-૩૩ થી ચલ-લાભ-અમૃત-૧૬-૩૯ સુધી, ૧૮-૦૧ થી લાભ-૧૯-૩૯ સુધી, ૨૧-૧૭ થી શુભ-અમૃત-ચલ-૨૬-૧૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૫૯ થી ૮-૫૯ થી ૮-૫૪ સુધી, ૧૦-૪૩ થી ૧૩-૨૭ સુધી, ૧૪-૨૨ થી ૧૫-૧૭ સુધી, ૧૭-૦૬ થી ૨૦-૧૨ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૨૧.૧૧.૨૦૨૦ શનિવાર

મેષ(અ.લ.ઈ.) :- ભાગીદારોને તમારે માર્ગદર્શન દેવું પડે નવું આયોજન લાભદાયક રહે વિજાતીય મિત્રતા ગાઢ બને.
વૃષભ(બ.વ.ઉ.) :- બીજાના કાર્યમાં ડખલગીરી નકરતા રોજીંદા કાર્યને વળગી રહેજો જુના મિત્રોની મુલાકાત લાભદાયક રહે.
મિથુન(ક.છ.ઘ.) :- સ્વાસ્થ્ય બાબત સુધારો રહે. સીઝનલ ધંધાર્થી લાભ હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું રાજકારણમાં સફળતા.
કર્ક(ડ.હ.) :- વ્યવસાયમાં અનુકુળતાઓ વધવાની વિદેશથી પણ લાભ મલે. મહેનતનું ફળ મલવાનું લકઝરી ચીજવસ્તુની ખરીદી થાય.
સિંહ(મ.ટ.) :- નવા કોલ કરારોમાં સફળતા વાળો દિવસ રહે આવકનું પ્રમાણ વધવાનું ખાવા પીવામાં તકેદારી જરૂરી છે.
કન્યા(પ.ઠ.ણ.) :- શેર બજારમાં મોટા જોખમો ન લેવા કર્જ કરવાથી દૂર રહેજો ભાઈ-બહેનો સાથે સુમેળ વધવાનો પ્રવાસ થાય.
તુલા(ર.ત.) :- અગત્યના કાર્યોને સફળ થતા જોઈ શકશો નોકરીમાં લાભ અંગત જીવનમાં ધ્યાન દેજો પ્રવાસમાં જાળવવું.
વૃશ્ચિક(ન.ય.) :- તમારી મહેનતનું ફળ મલવાનું જીવના નવું જોમ જુસ્સો જોવા મલે. વિદેશ સાથેના ધંધામાં લાભ રહેવાનો.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- ફીલ ગુડ વાળો દિવસ રહેવાનો નોકરીમાં લાભ મનગમતું કાર્ય મલે. હરીફોથી પણ લાભ રહેશે આર્થિક લાભ.
મકર(ખ.જ.) :- અંગત જીવનમાં અપસેટ રહેવાને લઈને રોજીંદા કાર્યમાં અવરોધો રહે. ગુસ્સા ટાળજો - મિલ્કતથી લાભ રહેશે.
કુંભ(ગ.શ.સ.) :- યોગ્ય પ્રયત્નો જરૂર સફળતા અપાવશે. નવી યોજના લાભ દાયક રહેવાની લકઝરી ચીજ વસ્તુથી લાભ.
મીન(દ.ચ.ઝ.) :- સ્વાસ્થ્ય જાળવવું ભાગીદારોને સાથે સહકાર દેવો મિત્રો સાથે વ્યવસાયની ચર્ચા થાય નવી ઓળખાણ થાય.

# ભારતમાં કોરોનાના કુલ કેસ ૯૦ લાખને પાર, અમેરિકા બાદ બીજો દેશ બન્યો



ન્યુ દિલ્હી, ભારતમાં કોરોના વાયરસના કેસ ૯૦ લાખની પાર થઈ ગયા છે. ૨૦ નવેમ્બરે સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, ભારતમાં કોરોનાના કુલ કેસ ૯૦,૦૪,૩૬૫ પર પહોચી ગયા છે જેમાંથી ૪,૪૩,૭૯૪ લાખ એક્ટિવ કેસ છે અને ૮૪,૨૮,૪૦૯ લાખ લોકો ડિસચાર્જ/રિકવર થઈ ગયા છે. અત્યાર સુધી ૧,૩૨,૧૬૨ લાખ લોકોના કોરોનાને કારણે મોત થયા છે. ભારત વિશ્વમાં બીજો દેશ છે, જ્યા કોરોનાના કેસ ૯૦ લાખથી વધુ છે, તેનાથી વધુ કેસ અમેરિકામાં છે. કોરોના વાયરસ ઈન્ફેક્શનની તપાસ માટે ભારતમાં અત્યાર સુધી આશરે ૧૩ કરોડ સેમ્પલની તપાસ કરવામાં આવી ચુકી છે.

ભારતમાં ૭ ઓગસ્ટે કોરોનાના કેસની સંખ્યા ૨૦ લાખને પાર થઈ ગઈ હતી. ૫ સપ્ટેમ્બરે કેસ ૪૦ લાખને પાર થઈ ગયા છે, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખનો આંકડો પાર થયો હતો. ૧૧ ઓક્ટોબરે ભારતમાં ૭૦ લાખ કેસ હતા અને ૨૮ ઓક્ટોબરે કેસની સંખ્યા ૮૦ લાખને પાર થઈ ગઈ હતી.

ભારતમાં કેસોની સંખ્યા ૮૦ લાખથી ૯૦ લાખ પહોચવામાં આશરે ૨૨થી ૨૩ દિવસનો સમય લાગ્યો હતો. સ્વાસ્થ્ય મંત્રાલયના ડેટા અનુસાર, ભારતમાં એક્ટિવ કેસની સંખ્યામાં રોજ ઘટાડો નોંધાતો રહ્યો છે. ૧ ઓક્ટોબરે ભારતમાં એક્ટિવ કેસની સંખ્યા ૯ લાખ ૪૦ હજાર ૭૦૫ હતી, જે ૨૦ નવેમ્બરે ૪ લાખ ૪૩ હજાર ૭૯૪ સુધી આવી ગઈ છે. એક જ મહિનાની અંદર ભારતના એક્ટિવ કેસ આશરે પાંચ લાખ સુધી ઓછા થઈ ગયા છે. એક પોઝિટિવ વાત આ પણ છે કે ગત ૪૭ દિવસમાં રોજના નવા કેસના મુકાબલે, રિકવરી કેસ વધુ આવ્યા છે.

દેશમાં અમદાવાદ અને દિલ્હીમાં કોરોનાના વધતા કેસ સરકાર માટે ચિંતાનો વિષય છે. દિલ્હીમાં છેલ્લા કેટલાક દિવસથી રોજના ૫ હજારથી વધુ રેકોર્ડ કેસ સામે આવ્યા છે જ્યારે અમદાવાદમાં ફરી ૨૦૦થી વધુ રોજના કેસ સામે આવી રહ્યા છે. દિલ્હીમાં વધતા કેસને જોતા દિલ્હી સરકાર અને ગૃહમંત્રી અમિત શાહ વચ્ચે બેઠક પણ મળી હતી.

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં લગ્નમાં મહેમાનોની સંખ્યાને ૨૦૦થી ઓછી કરીને ૫૦ કરી દીધી છે. બીજી તરફ માસ્ક ના પહેરવા પર દંડની રકમ ૫૦૦થી વધારીને ૨૦૦૦ કરી દીધી છે. દિલ્હી સરકારે સાવચેતીના ભાગ રૂપે હોસ્પિટલમાં કોરોના માટે બેડ પણ રિઝર્વ કર્યા છે, સાથે જ આઈસીયુ બેડ્સની પણ સંખ્યા વધારવામાં આવી છે.

દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

### દાહોદ શહેરી વિસ્તારમાં કોરોનાના કેસોમાં ઉછાળો આવતાં

# કલેકટરએ નાગરિકોને તહેવારના ઉત્સાહમાં ભીડભાડ, મેળાવડા અને ખોટી અવરજવરથી દૂર રહેવા કરી અપીલ

દાહોદ,

કલેકટર વિજય ખરાડીએ એક સંદેશામાં જણાવ્યું છે કે, તહેવારોમાં શહેરી વિસ્તારમાં કોરોનાના કેસોમાં ઉછાળો આવ્યો છે અને નાગરિકોએ આ બાબતે સ્વચંશિસ્ત રાખવી ખૂબ જ જરૂરી છે. માટે નાનામોટા મેળાવડા ટાળવા જોઈએ, ખોટી અવરજવર ન કરવી જોઈએ અને તંત્ર અને સરકારની ગાઈડલાઈનનું કડકાઈથી પાલન કરવું જોઈએ.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

નવા વર્ષની શુભેચ્છા. છેલ્લા ચાર પાચ દિવસોમાં કોરોનાનું સંક્રમણ વધ્યું છે. ખાસ કરીને આ કેસો શહેરી વિસ્તારમાંથી વધારે આવે છે. જયા ભીડભાડ વધારે હોય જયાં લોકો વધારે ભેગા થતા હોય એવા વિસ્તારમાંથી કેસો વધારે આવી રહ્યાં છે. દાહોદ જિલ્લાના અને ખાસ કરીને શહેરી વિસ્તારના નાગરિકોને વિનંતી છે કે, આપણે અત્યારે બહાર જવાનું ટાળવું જોઈએ. અત્યારે તહેવારનો મૌસમ છે પણ ઘણાં ખરા કેસો અવરજવર કરતાં હોય એવા લોકોમાંથી વધારે આવે છે. એટલે નાનામોટા મેળાવડાં લગ્ન કે બર્થે ડે પાર્ટી કે બીજા કોઈ પણ કારણસર અન્ય કોઈ પણ પ્રકારના સામાંજિક કે ધાર્મિક મેળાવડા અત્યારે બંધ જ રાખવા જોઈએ. અને માસ્ક પહેરી, સામાજિક અંતર જાળવવાનું તંત્ર દ્વારા હંમેશા કહેતા આવીયા છીએ. ઘણા બધા બેજવાબદાર લોકો તંત્ર અને સરકારની ગાઈડલાઈનનું પાલન નથી કરતા. માર્કેટમાં ઘણાં બધા લોકો એવા જોવા મળે છે માસ્ક પણ પહેરતાં નથી. આ બધાને મારી વિનંતી છે કે તંત્ર અને સરકારની ગાઈડ લાઈનનું ચુસ્ત રીતે પાલન કરીએ. જેથી કોરોનાના નવા કેસોને અટકાવી શકીએ.

આવનારા સમયમાં જયાં પણ કોરોનાના નવા કેસો આવશે આપણે કન્ટેઈનમેન્ટ વિસ્તાર પણ જાહેર કરીશું. જેથી સૌ લોકોનો સહકાર મળે અને કન્ટેઈનમેન્ટ વિસ્તારના નિયમોનું સારી રીતે પાલન થઈ શકે. અત્યારે ખૂબ જરૂરી છે કે કામ સિવાય બહાર નીકળવાનું ટાળીએ જેથી સંક્રમણ ટાળી શકીએ. કોરોના ડરવાનું નથી પરંતુ દરેક સેફટી પ્રોટોકોલનું જેટલું કડકાઈથી પાલન કરીશું એટલું જ કોરોનાથી બચી શકીશું.

જેટલા પણ નવા કેસો આવી રહ્યાં છે એ શહેરી વિસ્તારમાંથી આવે છે જે લોકો એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં જઈ રહ્યાં છે અને પાછા આવી રહ્યાં છે તથા કોઈ પણ જાતના સેફટી પ્રોટોકોલ, કોરોનાથી બચાવના નિયમોનું પાલન કરતા નથી તેઓ કોરોનાના ભોગ બની રહ્યાં છે એ સપષ્ટ દેખાઈ રહ્યું છે. તેથી સ્વંયશિસ્ત સાથે કોરોના સામે સાવચેતીના તમામ નિયમોનું પાલન કરીશું તો કોરોનાથી અવશ્ય બચાવ થશે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૧૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૧૨ કોરોના પોઝીટીવ કેસો નોંધાતા દાહોદ જિલ્લામાં કોરોના પોઝીટીવનો કુલ આંકડો ૨૦૧૩ ને પાર કરી ગયો છે. આજે વધુ૧૦ દર્દીઓને રજા અપાતાં એકટીવ કેસની સંખ્યા ૧૩૩ રહેવા પામી છે.

આજે આર.ટી.પી. સી.આર. ના ૩૦૭ પૈકી ૬ અને રેપીટ ટેસ્ટના ૭૩૮ પૈકી ૬ એમ ૧૨ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યા છે. આ ૧૨ પૈકી દાહોદ અર્બનમાંથી ૬, ઝાલોદ અર્બનમાંથી ૨, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૧, લીમખેડા અર્બનમાંથી ૧, ગરબાડામાંથી ૧ અને સંજેલીમાંથી ૧ કેસનો સમાવેશ થાય છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી કુલ ૭૬ લોકો પોતાનો જીવ ગુમાવી બેઠા છે ત્યારે છેલ્લા કેટલાક દિવસોથી કોરોના સંક્રમણના વધતા પ્રકોપને ધ્યાનમાં લઈ દાહોદ વહીવટી તંત્ર એલર્ટ બન્યું છે શહેર સહિત જિલ્લામાં સોશીયલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરાતા લોકો પર સતત નજર રાખી રહી છે સાથે જ દુકાનો, વેપાર ધંધાઓ ઉપર પણ બાજ નજર રાખી જો કોઈ ગાઈડ લાઈનનો ભંગ કરતાં નજરે પડે છે તેવા લોકો સામે સ્થળ પરજ દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે.

### બોલેરોના ડ્રાઈવરને ઝોકુ આવતા ટ્રકમાં ઘૂસી જતાં અકસ્માત સર્જાયો

# પ્રતાપગઢમાં બોલેરો-ટ્રક વચ્ચે જીવલેણ અકસ્માત: ૧૪ જાનૈયાઓના મોત



પ્રતાપગઢ,

ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જીલ્લામાં મોડી રાત્રે થયેલા ભિષણ અકસ્માતમાં ૧૪ જાનૈયાઓમાં મોત નિપજયાં હતાં. લખનૌ-પ્રયાગરાજ હાઈવે પર ઝડપભેર બોલેરો એક ટ્રકમાં ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતમાં મૃત્યુ પામનારાઓમાં ૫ બાળકોનો પણ સમાવેશ થાય છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ અકસ્માતને લઈને દુઃખ વ્યકત કર્યું હતું. યોગી આદિત્યનાથે વરિષ્ઠ અધિકારીઓને ઘટનાસ્થળ પર પહોંચ્યા અને પીડિતોને શક્ય તેટલી તમામ મદદ કરવાના નિર્દેશ આપ્યા છે.

આ અકસ્માત માનિકપુર પોલીસ સ્ટેશનની હદના દેશરાજ ઈનારામાં થયો છે જયાં જાનૈયાઓથી ભરેલી બોલેરા અનિયંત્રિત જઈને રસ્તા કિનારે ઊભેલી ટ્રક સાથે ટકરાઈ ગઈ. આ ભીષણ અકસ્માતમાં ૧૪ જાનૈયાઓના મોત થયા છે. અત્યાર સુધીની મળતી જાણકારી મુજબ ડ્રાઈવરને ઝોંકું આવી ગયું જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ.

જાનૈયા નવાબગંજ પોલીસ સ્ટેશનની હદના શેખપુર ગામમાં લગ્ન પ્રસંગમાં સામેલ થઈને ઘરે પરત જઈ રહ્યા હતા. દુર્ઘટનાનો શિકાર બનેલા ૧૪ લોકોમાં ૬ બાળકોનો પણ સમાવેશ થાય છે. અકસ્માતની જાણ થતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી અને બોલેરોને ગેસ કટરથી કાપીને તમામ ૧૪ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. દુર્ઘટના એટલી ભયાનક હતી કે, આ રેસ્ક્યૂ કાર્ય હાથ ધરવામાં પોલીસ ટીમને લગભગ બે કલાકનો સમય લાગી ગયો હતો. પોલીસે તમામ મૃતદેહોને કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતાં.

આ દુર્ઘટનાનો શિકાર બનેલા ૧૨ જાનૈયા કુંડાના જિગરાપુરા ચૌસા ગામના રહેવાસી છે, જ્યારે બોલેરો ચાલક સહિત બે લોકો કુંડા વિસ્તારના અન્ય ગામના રહેવાસી છે. દુર્ઘટનાની જાણ થતાં જ એસપી મોટી સંખ્યામાં પોલીસ દળની સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા.

મૃતકોમાં બાળકો પણ સામેલ છે. દુર્ઘટનામાં બબ્બૂ, દિનેશ, પવન કુમાર, દયારામ, અમન, રામસમુજ, અંશ, ગૌરવ, નાના ભૈયા, સચિન, હિમાંશુ, મિથિલેશ, અભિમન્યૂ, પારસ નાથ યાદવના મોત થયા છે.

## મોદી સરકાર ખાલી વાતો કરે છે, ગરીબોના અધિકાર કચડી રહી છેઃ રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી,

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કોરોના કાળમાં દેશની આર્થિક સ્થિતિને લઈને ફરી એક વખત મોદી સરકારને સાણસામાં લીધી છે.

રાહુલ ગાંધીએ કહ્યુ છે કે, પીએમ મોદીએ અગાઉ જે લોકડાઉન લાગુ કર્યુ હતુ તે તઘલખી નિર્ણય હતો અને કરોડો મજૂરોને તેના કારણે રસ્તા પર આવી જવુ પડ્યુ હતુ. સાથે સાથે રાહુલે મનરેગા મજૂરોને પોતાની મજૂરીના પૈસા લેવા માટે પણ બેક્કોના ચક્કર કાપવા પડતા હોવાનુ કહ્યુ છે.

રાહુલ ગાંધીએ એક સર્વેનો હવાલો આપીને કહ્યુ હતુ કે, મનરેગા મજૂરો બેક્કોના ધક્કા ખાઈ રહ્યા છે અને તે પણ પોતાનુ વેતન મેળવવા માટે.પહેલા મોદી સરકારે લોકડાઉન કર્યુ અને એ પછી મજૂરોને રસ્તા પર લઈ આવ્યા અને હવે તેમની મનરેગાની કમાણી પણ બેક્કમાંથી તેઓ મેળવી શકતા નથી તેવી સ્થિતિ આ સરકારે સર્જી દીધી છે.મોદી સરકાર ખાલી વાતો કરવા માટેની સરકાર છે અને ગરીબોના અધિકારો પર તરાપ મારી રહી છે.

ઉલ્લેખનીય છે કે, કોરોના કાળમાં શહેરોમાંથી વતન પાછા ફરેલા મજૂરોએ મોટી સંખ્યામાં ગામડાઓમાં પોતાની આજીવીકા માટે મનરેગા હેઠળ રજિસ્ટ્રેશન કરાવ્યુ હતુ.કોરોના કાળમાં ગ્રામીણ ઈકોનોમીને મનરેગા સ્કીમથી બહુ મદદ મળી છે.છેલ્લા ચાર મહિનામાં મનરેગા હેઠળ કામ માટે રજિસ્ટ્રેશન કરાવનારાઓની સંખ્યામાં ૫૦ ટકાનો વધારો થયો છે.

## રાજકોટમાં ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૮ દર્દીઓના મોત

રાજકોટ,

ગુજરાતના મોટા શહેરમાં હવે ધીરે ધીરે કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. આવામાં રાજકોટમાં પણ સ્થિતિ વણસી રહી છે. રાજકોટમાં પણ તંત્ર દ્વારા તકેદારીના પગલા લેવાઈ રહ્યા છે. આવામાં રાજકોટમાં ફરી કોરોના સંક્રમણ વધ્યું છે. ૩ દિવસમાં ૪૦૦ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. આવામાં રાજકોટવાસીઓના મતે કરફ્યુ એ પરમેનન્ટ સોલ્યુશન ન હોવાનું કહેવું છે. લોકોએ કહ્યું કે, અનેક લોકો નિયમોનું પાલન નથી કરતા માટે કેસ વધ્યા છે.

લોકો પોતે તહેવાર દરમિયાન કાળજી નથી રાખી માટે કેસ વધ્યા છે. લેટેસ્ટ આંકડા મુજબ, રાજકોટમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૮ દર્દીઓના મોત નિપજ્યા છે. જિલ્લાની ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં આ મોતના આંકડા નોંધાયા છે. જોતે મોત અંગેનો આખરી નિર્ણય ડેથ ઓડિટ કમિટી લેશે. ગઈકાલે ગુરુવારે ૭ દર્દીઓના મોત થયા હતા.

# દાહોદ જીલ્લામાં કોરોના સંક્રમિત કેસમાં વધારો થતાં તંત્ર એલર્ટ બન્યું

દાહોદ,

દાહોદ જિલ્લામાં દિવાળી અને નુતનવર્ષ બાદ અચાનક કોરોના સંક્રમણના કેસો વધતાં આરોગ્ય તંત્ર સમેત દાહોદ જિલ્લા વહીવટી તંત્ર અને નગરપાલિકા એલર્ટ બન્યું છે. જાહેર સ્થળો પર અવર જવર, ભીડ ભાડવાળી જગ્યાઓ, સોશીયલ ડિસ્ટન્સનું પાલન કરવા તેમજ માસ્ક અવશ્ય પહેરવા કલેક્ટર દ્વારા રજુઆતો પણ કરવામાં આવી રહી છે પરંતુ જાણે લોકો આ સુચનાઓને નજર અંદાજે કરી રહી હોય તેમ પ્રતિત થતાં આજે દાહોદ શહેરમાં આવેલ બે દુકાનોને વહીવટી તંત્ર દ્વારા કલેક્ટરના જાહેરનામાના ભંગ બદલ તેમજ સરકારની ગાઈડ લાઈનનો ભંગ બદલ સીલ કરી દેવાતાં દુકાનદાર સહિત વેપારી આલમમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. એમ.જી.રોડ ખાતે આવેલ રાધા ક્રિષ્ણા કંગન સ્ટોર તેમજ સ્ટેશન રોડ તરફ આવેલ ભારત સાડી સેલ એમ આ બે દુકાનોને સીલ કરી દેવામાં આવી હતી

ત્યારે બીજી તરફ એકશનમાં આવેલા દેવગઢ બારીયાના પ્રાંત અધિકારીએ પોલીસ કાફલો તેમજ નગરપાલિકાના કર્મીઓને સાથે લઈ કોરોનાને કાબુમાં લેવા માટે સાવચેતીના પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરી સરકારી ગાઈડ લાઈનનો ભંગ સબબ છેલ્લા બે દિવસમાં ચાર દુકાન સીલ કરી તેમજ એસ.એમ.એસના આ નિયમના ભંગ સબબ રૂપિયા ૨૨,૭૦૦/– નો દંડ ફટકારી દંડનીય કાર્યવાહી હાથ ધરી છે. દાહોદ જિલ્લામાં દીપાવલી પર્વ બાદ કોરોના સંક્રમણ એકદમ વધી જતા અને છેલ્લા ચાર દિવસમાં કોરોના પોઝિટિવના સત્યાસી કેસ સામે આવતા તંત્ર હરકતમાં આવ્યું અને કોરોનાને નાથવાના પ્રયાસોમાં જોતરાયું એસ.એમ.એસ.ના નિયમનો ભંગ કરનારાઓ દંડનીય કાર્યવાહી હાથ દરવા કમર કસી છે. તેવા સમયે દાહોદ જિલ્લાના દેવગઢબારીયા તાલુકા તંત્રએ પણ એકશનમાં આવી દંડનીય કાર્યવાહીના ભાગરૂપે દેવગઢબારીયાના પ્રાંત અધિકારીએ પોલીસ કાફલો તેમજ પાલિકાના કર્મચારીઓની ટીમને સાથે લઈ દેવગઢબારિયા નગરમાં દુકાને દુકાને ફરી એસ.એમ.એસના નિયમનો મહત્વ સમજાવી તેનું પાલન કરવા જણાવી લોકોને સાવચેત કરવાનો પ્રયાસ કર્યો હતો અને સરકારની ગાઈડ લાઈન તથા એસ.એમ.એસ.ના નિયમનો ભંગ કરવા સબબ એક દુકાને સીલ મારવામાં આવ્યું હતું. તેમજ કેટલાક લોકો સામે કાર્યવાહી હાથ ધરી બે દિવસમાં રૂ.૨૨,૭૦૦/– નો દંડ ફટકાર્યો હતો.

## દાહોદ તાલુકાના કઠલા ગામે ડાકણના વ્હેમ રાખી મહિલા સહિત બે વ્યકિતને માર મારવામાં આવી

દાહોદ,

દાહોદ તાલુકાના કઠલા ગામે અંધશ્રધ્ધાનું ભુત વળગતા ચાર ઈસમોએ એક મહિલા ઉપર ડાકણ હોવાનો ખોટા શક વહેમ રાખી મહિલા સહિત બે જણાને લાકડી તથા ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડ્યાનું જાણવા મળે છે.

કઠલા ગામે નાળ ફળિયામાં રહેતા બાબુભાઈ સમસુભાઈ, સુભાષભાઈ સમસુભાઈ, સમસુભાઈ રામસીંગભાઈ અને પ્રવિણભાઈ સમસુભાઈ ચારેય જાતે ડામોરનાઓએ ગત તા.૧૭મી નવેમ્બરના રોજ પોતાના જ ગામમાં રહેતા કમલીબેન કાજુભાઈ ડામોરના ઘરે આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો લોકો ડાકણ છો, મારા ઘરના માણસો અને ઢોરોને ખાઈ ગયેલ છો, તેમ કહેતા કમલીબેન તથા સોબનભાઈએ ગાળો બોલવાની ના પાડતાં ઉપરોક્ત ચારેય જણા એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાના હાથમાની લાકડી વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી કમલીબેન તથા શોબનભાઈને માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત કમલીબેન કાજુભાઈ ડામોરે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દાહોદ તાલુકાના દેલસર ગામે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી રોકડ અને દાગીનાની ચોરી

દાહોદ,

દાહોદ તાલુકાના દેલસર ગામે એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી સોના – ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી લાખ્ખોની ચોરી કરી તસ્કરો નાસી જતાં પંથકમાં ચોરીના બનાવથી ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

દેલસર ગામે ડામોર ફળિયામાં રહેતા પંચાલ કિરીટભાઈ કાંતિલાલ અને તેમનો પરિવાર દિવાળી અને નવા વર્ષે ગાંગરડી મુકામે સગાસંબંધીઓને ત્યા મળવા ગયા હતા અને બે દિવસ ત્યાં રોકાયા હતા. બે દિવસના રોકાણ બાદ પરત ગઈકાલે પોતાના ઘરે આવ્યા હતા. ઘરે આવતા જોતા જ સૌ કોઈના હોશ ઉડી ગયા હતા. તસ્કરોએ કિરીટભાઈના બંધ મકાનને નિશાન બનાવી મકાનમાં મુકી રાખેલ સોના – ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા પાંચ લાખ એમ લાખ્ખોની મત્તાનો હાથફેરો કરી તસ્કરો નાસી જવામાં સફળ રહ્યા હતા. આ ચોરીના જાણ મકાન માલિકને થતાંની સાથે જ પરિવારજનો ઘરે દોડી આવ્યા હતા અને મકાનમાં જોતા તમામ સર સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો અને ઉપરોક્ત મત્તાની ચોરી થઈ હોવાનું પણ જણાઈ આવતાં પરિવારના મોભી દ્વારા દાહોદ તાલુકા પોલીસનો સંપર્ક સાંધ્યો હતો અને પોલીસ પણ તાબડતોડ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે તસ્કરોનું પગેરૂ મેળવવા તપાસનો આરંભ કરી દીધો છે.

## દાહોદ ઠક્કર ફળીયા માંથી બાઈકની ચોરી

દાહોદ,

દાહોદ શહેરના ઠક્કર ફળિયા ખાતેથી ઘરના આંગણે લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલની ઉઠાંતરી થતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. ઠક્કર ફળિયા ખાતે રહેતા શોકત સલીમભાઈ કુંજડાએ ગત તા.૧૪મી નવેમ્બરના રોજ પોતાની મોટરસાઈકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે શોકત સલીમભાઈ કુંજડાએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ફતેપુરાના જવેસીની મહિલાનું પ્રસુતિ દરમ્યાન બાળક અને માતાનું મોત

દાહોદ,

ફતેપુરાના જવેસીની મહિલાનું પ્રસૂતિ દરમિયાન બાળક સહિત માતાનું મોત, દુઃખાવો ઉપડતા રિક્ષામાં સારવાર અર્થે લઈ જતા હતા. સંતરામપુર સરકારી દવાખાના તબીબે મૃત જાહેર કરતા પરિવારજનોમાં શોક છવાઈ ગયો હતો.

ફતેપુરા તાલુકાના જવેસી ગામની મહિલાને પ્રસૂતિ નો દુખાવો ઉપડતા રીક્ષામાં સારવાર અર્થે લઈ જતાં જેમાં અધવચ્ચે વધુ દુખાવો ઉપડતા ૧૦૮ બોલાવી હતી અને ત્યાંથી સંતરામપુર સરકારી દવાખાને લઈ જવાઈ હતી. જ્યાં તબીબે બાળક સહિત મહિલાનું મોત નિપજયું હોવાનું જણાવતા પરિવારજનોમાં શોક છવાઈ ગયો હતો.

ફતેપુરા તાલુકાના જવેસી ગામ ની વિમળાબેન નિસરતાને પ્રસુતિનો દુઃખાવો ઉપડતા બુધવારના રોજ સાંજના સમયે પરિવારજનો દ્વારા રીક્ષામાં સારવાર અર્થે લઈ જતા હતા જેમાં પાડલીયા નજીક મહિલાને વધુ દુખાવો ઉપડતા ૧૦૮ બોલાવાઈ હતી અને જેમાં સંતરામપુર સારવાર અર્થે લઈ ગયા હતા જ્યાં સરકારી દવાખાના તબીબએ મહિલાને ફસ બાળક સહિત મોત થઈ હોવાનું જણાવતા પરિવારજનોમાં શોક છવાઈ ગયો હતો. આજના ૨૧મી સદીના ડિજિટલ યુગમાં પણ દાહોદ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્યક્ષેત્રે સંપૂર્ણ સુવિધાઓ મળી શકતી નથી વનબંધુ કલ્યાણ યોજના હેઠળ દર વર્ષે અઢળક ગ્રાન્ટો ફાળવવામાં આવતી હોવા છતાં પ્રજાને સુવિધા માટે ફાફા મારવા પડે છે.અને સમયસર સુવિધા ઉપલબ્ધ હોવાથી જીવ ગુમાવવાનો પણ વારો આવ્યો છે.

## ફતેપુરાના સાગડાપાડા ગામની સગીર યુવતિનું લગ્નના ઈરાદે અપહરણ કરતાં ફરિયાદ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સાગડાપાડા ગામેથી એક યુવકે ૧૬ વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ફતેપુરા તાલુકાના મારગાળા ગામે રહેતો સંજયભાઈ સુરસીંગભાઈ ભાભોરે ગત તા.૦૩ નવેમ્બરના રોજ ફતેપુરા તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પટાવી ફોસલાવી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં કર્ફ્યૂની જાહેરાતથી ડરનો માહોલ, બજારોમાં લાગી લાંબી કતારો



અમદાવાદ,

અમદાવાદમાં આજે રાત્રિના ૯.૦૦ વાગ્યાથી લઈને સોમવારે સવારે ૬.૦૦ વાગ્યા સુધીનો ૬૦ કલાકનો કર્ફ્યૂ જાહેર કરવામાં આવ્યો છે. આ કર્ફ્યૂની જાહેરાતના પગલે અમદાવાદ શહેરમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. બજારોમાં અચાનક ભીડ વધી છે. લોકો લૉકડાઉનની બીકે પેનિંક બાઈંગ કરી રહ્યા છે. અમદાવાદની શાક માર્કેટોથી લઈને સુપર માર્કેટ સુધી લાંબી લાંબી કતારો જોવા મળી રહી છે. લોકોને લાંબા લૉકડાઉનનો ભય સતાવી રહ્યો છે, જ્યારે સરકારે આ મુદ્દે સ્પષ્ટતા કરી છે કે લૉકડાઉનની વાત અફવા છે. શહેરના શિવરંજની ચાર રસ્તા પાસે આવેલા ડી માર્ટ બહાર અચનાક લોકોની ભીડ જામી ગઈ હતી.

લોકો પેનિંક બાઈંગ માટે લાંબી કતારોમાં ઊભા રહ્યા હતા. અમદાવાદનીઓને લૉકડાઉનનો ભય સતાવી રહ્યો છે. બીજી બાજુ કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. ડરના કારણે લોકો મોટી સંખ્યામાં ટેસ્ટીંગ માટે નીકળી પડ્યા છે. જોકે, ટેસ્ટીંગની સુવિધા ફ્રી અને સરળ છે ત્યારે ટેસ્ટ કરાવવામાં કોઈ સમસ્યા નથી પરંતુ તેના માટે પણ લાંબી કતારો લાગતા દરેક ડોમમાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે. દરમિયાન મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અંબાજી ખાતેથી પત્રકારોને જણાવ્યું કે 'લોકો ડરનો માહોલ ન રાખે રાજ્યમાં કોરોના વાયરસની સ્થિતિને જોતા માત્ર અમદાવાદ શહેરમાં ૬૦ કલાકનો કર્ફ્યૂ લગાડવાનો નિર્ણય કર્યો છે. સમગ્ર રાજ્યમાં લૉકડાઉન લગાડવાની વાત અફવા છે, લોકો કોરોના સામે સાવચેતી રાખે, માસ્ક પહેરે, સોશિયલ ડિસ્ટન્સ જાળવે અને વારંવાર સાબુથી હાથ ધોવે. સરકારે તકેદારીના ભાગરૂપે વ્યવસ્થાઓ કરી છે. નાગરિકો અફવાથી દૂર રહે.

શહેરના અખબારનગર ટેસ્ટિંગ સેન્ટર પર પણ ભીડ જોવા મળી હતી. અહીંયા પણ સવારથી મહિલાઓ અને પુરૂષો બાળકો સાથે ટેસ્ટ કરાવવા માટે આવી પહોચ્યા હતા. શહેરમાં ચોમેર ટેસ્ટીંગ માટે સંખ્યામાં ઊછાળો જોવા મળ્યો હતો. રાજ્યમાં કોરોના વાયરસના કેસમાં ૪૧ દિવસ પછીનો સૌથી મોટો ઊછાળો જોવા મળ્યો છે. એક બાજુ અમદાવાદમાં ૫૭ કલાકના કર્ફ્યૂની જાહેરાત કરવામાં આવી છે તો બીજી બાજુ સરકારે સ્વાસ્થ્ય સેવાઓને પણ સઘન બનાવવાની કવાયત કરી છે. રાજ્યના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા અમદાવાદ શહેરની સરકારી હૉસ્પિટલમાં કોવિડ-૧૯ની સારવાર માટે બેડની સંખ્યા વધારવામાં આવી છે. શહેરમાં કોરોનાવાયરસના દર્દીઓની સારવાર માટે ૯૦૦ બેડ વધારવામાં આવશે જ્યારે સરકારે ૩૦૦ વધુ ડૉક્ટરો અમદાવાદને ફાળવવાનો નિર્ણય કર્યો છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 76

## ગોધરા ડીવીઝનની

# ૧૨૮ બસના રૂટો અમદાવાદ રાત્રી કરફ્યુને લઈ બંધ

- દિવાળીના સમયે વતનમાં તથા રોજગારી સ્થળે જવાનું મુશ્કેલી.
- અમદાવાદમાં એકાએક કરફ્યુ લાગુ કરાતાં એસ.ટી. પૈડા ઠપ.
- કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ગોધરા એસ.ટી. ડિવીઝને મહત્વનો નિર્ણય લીધો.
- અસંખ્ય મુસાફરો પોતાના વતન તથા કામ ધંધાએ સ્થળ પર જવા માટે અટવાયા.



ગોધરા, પંચમહાલ થી લઈને દાહોદ સુધી અંદાજીત ૧૨૮ બસો કાર્યરત હતી. ત્યારે અમદાવાદમાં એકાએક કરફ્યુ લાગવામાં આવતાં બસો બંધ કરવાની નોબત આવી હતી. ત્યારે પણ દિવાળીના તહેવાર સમયે બસો બંધ કરવામાં આવતાં અસંખ્ય પ્રવાસીઓ, મજુર, શ્રમિક અટવાઈ પડયા હતા. ત્યારે સરકારે ૧૨૮ બસો કયારે કાર્યરત કરશે તે પ્રશ્ન માંગે છે.

પંચમહાલ, દાહોદ હંમેશા શ્રમિક વર્ગનું દાન કરે છે. હંમેશા કાઠીયાવાડ સુધી પોતાની મહેનત અને તન-મન-ધન થી હંમેશા પોતાનું યોગદાન આપે છે. અને હંમેશા પંચમહાલ-દાહોદના આવા શ્રમિકોને રોજગારી આપવામાં હંમેશા અગ્રેસર રહ્યું છે. દાહોદ અને પંચમહાલ એક કુશળ શ્રમિક તરીકે ઓળખાતું શહેર છે. અને આ કુશળ તહેવાર તરીકે મનાવે છે. આખા વર્ષમાં માત્ર દિવાળી સમય પણ પોતાના ઘરે આવીને તહેવારો ખેતી મનાવે છે. આવા સમયે એસ.ટી.નિગમ દ્વારા બસો બંધ કરવામાં આવી છે. આ વચ્ચે અમદાવાદમાં કરફ્યુ લાગવાના કારણે સૌરાષ્ટ્ર, અમદાવાદ, સુરતમાં લાગુ કરવામાં આવતાં એકાએક બસો પર પ્રતિંબધ મુકવામાં આવતાં પૈડા થંભી ગયા હતા. આ કારણે સૌરાષ્ટ્ર તરફથી દાહોદ તરફ તથા ગોધરા તરફ આવતી બસોને પણ બ્રેક લાગી ગઈ હતી. એકાએક બ્રેક લાગવાના કારણે સગાવ્હાલા પણ ચિંતામાં મુકાયા હતા. એકાએક પોતાના ગંતવ્ય સ્થળ પર જવા પર બ્રેક લાગવાના કારણે પોતાના મનપસંદ સ્થળે જઈ શકયા ન હતા. એસ.ટી.ના કર્મચારીઓને પણ આવા સમયે સરકારે સાતમું પગાર પંચ લાગુ કરવાની માંગ કરવામાં આી હતી. તેમ છતાં સરકારે આવા કર્મચારીઓને પણ અનદેખી કરી હતી. અવારનવાર માંગણી કરવા છતાં આવા કર્મચારીઓની પણ માંગણી નહીં સંતોષીને કર્મચારીઓને અન્યાય કર્યો છે. સરકારે આવા સમયે કર્મચારીઓને ન્યાય આપવાના બદલે અન્યાય કર્યો હતો. સૌરાષ્ટ્ર, સુરત તથા વડોદરા થી પંચમહાલ તથા દાહોદ સુધી આવતી અંદાજીત ૧૨૮ બસોના રૂટ બંધ કરવામાં આવતાં અસંખ્ય મુસાફરો અટવાઈ પડયા હતા. સવાર થી લઈને સાંજ સુધી અવરજવર કરનાર આવા શ્રમિક વર્ગને સરકારે કોરોનામાં મોત ઉપર માથું માર્યું હતું. આવા સમયે સરકારે આવા બિચાર નિર્દોષ શ્રમિકોને ન્યાય આપવાના બદલે અન્યાય કરવામાં આવતાં આવા પણ કર્મચારીઓ અન્યાયની લાગણી અનુભવી રહ્યા છે. અવારનવાર આવા અન્યાય સામે મોર્ચો કાઢનાર કર્મચારીઓને પણ સરકારે ન્યાય આપવાના બદલે અન્યાય કર્યો છે. આવા સમયે પણ સરકારે પોતાની લાગણી રાખવી જોઈએ. પંચમહાલ તથા દાહોદ તરફથી આવતા સૌરાષ્ટ્ર તરફના મુસાફરોને રૂટ બંધ કરીને અન્યાય કરી રહ્યા છે. ૧૨૮ જેટલી બસો બંધ કરવાનું કારણ પણ પ્રજાને સમજાતું નથી.

પંચમહાલ, દાહોદ અને મહીસાગર થી જતી એસ.ટી.બસો ની ટ્રીપ કેન્સલ કરવાના કારણે હજારો શ્રમિકો અને મુસાફરો અટવાશે.હાલમાં જ દીપાવલી પર્વ ની ઉજવણી કરવા અર્થે આવેલા હજારો શ્રમિકો પોતાના માદરે વતન આવ્યા હતા.તયારે દીપાવલી પર્વ ની ઉજવણી પૂર્ણ થતાં પુનઃ કામ ધંધા રોજગાર અર્થે જતા શ્રમિકો ની હાલત કફોડી બનવા પામી છે.તેમજ આ નિર્ણય ની સાથે સાથે રોજિંદા અપ ડાઉન કરતા નોકરિયાત વર્ગ,વેપારી વર્ગ ની હાલત પણ કફોડી બનવા પામી છે.

એસ.ટી.વિભાગ ગોધરા નિયામક ડીંડોરને આ અંગે પૂછતાં તેઓએ જણાવ્યું હતુ કે અમદાવાદ ખાતે ૫૭ કલાક ના આદેશના પગલે અત્રે ના પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની એસ.ટી. બસોની ૧૨૮ ટ્રીપ પણ કેન્સલ કરવામાં આવી છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૨૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૯૮૮ થયો

- ૧૨ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૩૧.
- મૃત્યુ આંક - ૧૨૧.

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૧ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૮૯૮૮ થવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા-૦૫, હાલોલ-૦૭, કાલોલ-૦૬,શહેરા-૦૧, ઘોઘંબા-૦૧, જાંબુઘોડા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમિત કેસનો વધારો થતાં પાવાગઢ યાત્રાધામ માટે મીટીંગ યોજી

- પાવાગઢ યાત્રાધામ ખાતે ટેસ્ટીંગ સેન્ટર ઊભું કરાશે.
- દર્શનાર્થીઓને ૨૫ થી ૩૦ના જથ્થામાં મોકલવાની વ્યવસ્થા કરાશે.

ગોધરા, પંચમહાલ જીલ્લામાં વહીવટી તંત્ર દ્વારા ઉચ્ચ અધિકારીઓની સાથે મીટીંગ યોજવામાં આવી. જીલ્લામાં કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે મહત્વના નિર્ણય લેવામાં આવ્યા.

ગુજરાત રાજયમાં દિવાળીના તહેવારોમાં કોરોના વાયરસે માથું ઉચકયું છે અને કોરોના સંક્રમિત કેસમાં વધારો થયો છે. તેને ધ્યાનમાં રાખીને આજરોજ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે મીટીંગ યોજવામાં આવી હતી. મીટીંગમાં પાવાગઢ યાત્રાધામ ખાતે કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા નિર્ણય લેવામાં આવ્યો છે. પાવાગઢ તળેટી ખાતે યાત્રાળુંઓને ટેસ્ટીંગ કરવામાં આવશે તેમજ યાત્રાળુઓને ૨૫ થી ૩૦ વ્યકિતઓને દર્શનાર્થે જવા માટે છુટ આપવામાં આવશે. પાવાગઢ દર્શનાર્થીઓ માટે વિશેષ વ્યવસ્થા ઉભી કરવામાં આવી. પાવાગઢ યાત્રાધામ ખાતે કોરોના ટેસ્ટીંગ સેન્ટર શરૂ કરવામાં આવશે તેમજ દર્શનાર્થીઓના ઘસારાને લઈ કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

## પાવાગઢ ખાતે રજાના ત્રણ દિવસમાં દોઢ લાખ થી વધુ ભકતો ઊમટયાં

પાવાગઢ, પંચમહાલ જિલ્લા ના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે નૂતન વર્ષના પ્રારંભના ત્રણ દિવસ દરમિયાન રજાઓનો માહોલ હોઈ દોઢ લાખ ઉપરાંત માઈભકતો દર્શને ઉમટી પડયા હતા. હાલમાં કોરોનાની વૈશ્વિક મહામારી ચાલતી હોઈ પાવાગઢ ખાતે દર્શન ભક્તોને સરકારની ગાઈડ લાઈન મુજબ કરવામાં આવ્યા હતા. જેમાં મંદિર પરિસર ખાતે સોશિયલ ડિસ્ટન્સ ભક્તો દ્વારા રાખવામાં આવતું હતું તેમજ ચહેરા પર માસ્ક લગાવવામાં આવતો હતો. જોકે જે વ્યક્તિઓ પાસે માસ્ક નહોતા તેઓને પાવાગઢ પોલીસ દ્વારા માંચી ખાતે ભક્તોને માસ્ક નું વિતરણ કરવામાં આવતું હતું. જોકે ચાલુ વર્ષે દર વર્ષ કરતાં કરતા અડધી ભક્તોની સંખ્યા જોવા મળી હતી.

## ઘોઘંબાના ગમાણી ચોકડી પાસેથી ૮૭૬૦ રૂ.ના દારૂના જથ્થા સાથે બે ઈસમોને ઝડપ્યા

ઘોઘંબા, ઘોઘંબાના ગમાણી ચોકડી પાસે રાજગઢ પોલીસના પેટ્રોલીંગ દરમ્યાન મોટર સાયકલ ઉપર લઈ જવાતા ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૨૪ કિંમત ૮૭૬૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના ગમાણી ચોકડી પાસે રાજગઢ પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી મોટર સાયકલ નંબર જીજે.૦૬.ઈએફ.૬૬૮૪ને રોકી હતી અને ચેકીંગ કરતાં ઈંગ્લીશ દારૂ વ્હીસ્કી પ્લાસ્ટીક બોટલો નંગ-૨૪ કિંમત ૮૭૬૦/- રૂપીયા તથા મોટર સાયકલ કિંમત ૨૦,૦૦૦/- મળી કુલ ૨૮,૭૬૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે અર્જુન રંગીતભાઈ રાઠવા રહે.પાલ્લા, ચીમન રામસીંગભાઈ રાઠાવ રહે.પાલ્લાને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ બાબતે રાજગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા ITI કોલેજ તરફ તુલસી ટેનામેન્ટ બાજુમાં રહેતી મહિલા ગુમ થતાં ફરિયાદ

ગોધરા, ગોધરા આઈ.ટી.આઈ. કોલેજ પાસે તુલસી ટેનામેન્ટ બાજુમાં રહેતી ૪૨ વર્ષીય મહિલા પોતાના ઘરેથી ૧૯ નવેમ્બરના રોજ ઘરેથી જેઠના ઘરે જમણવારમાં જવા નિકળી કયાં ગુમ થતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા આઈ.ટી.આઈ. કોલેજ પાસે તુલસી ટેનામેન્ટ બાજુમાં રહેતા પદમાબેન વિજયકુમાર ચેલારામણી ઉ.વ.૪૨ પોતાના ઘરેથી મોપેડ ગાડી નંબર જીજે.૧૭.એડી.૮૩૬ લઈને ૧૯ નવેમ્બરના રોજ જેઠના ઘરે જમણવારમાં જવા નિકળ્યા હતા. ઘરેથી જેઠના ઘરે જવા નિકળી કયાંક ચાલ્યા જઈ ગુમ થતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા શહેર કોમર્સ કોલેજ ખાતે સૌ પ્રથમવાર CAનું કેન્દ્ર ફાળવવામાં આવ્યું

ગોધરા, પંચમહાલ ના પૂર્વ સાંસદ અને પ્રતિષ્ઠિત એડવોકેટ ગોપાલસિંહજી સોલંકી ના પ્રયાસો થી અને કરેલી કાર્યવાહી થી ગોધરા શહેર ને સૌ પ્રથમવાર, પ્રતિષ્ઠિત ગણાતી સી.એ(ચાર્ટર્ડ એન્કાઉન્ટન્ટ) નું પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવતા ગોધરા શહેર સહિત આજુબાજુ ના વિસ્તારના વિદ્યાર્થીઓ,અધ્યાપકો તથા નગરજનો એ કોમર્સ કોલેજ ગોધરા ને અભિનંદન પાઠવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સી.એ. પરીક્ષા કેન્દ્ર ની પસંદગી કરતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એન્કાઉન્ટન્ટ દ્વારા જે તે કેન્દ્રની કડક ચકાસણી કરવામાં આવે છે. અને તેના માપ દંડ ના આધારે કેન્દ્રની ફાળવણી કરવામાં આવે છે.જેમાં ગોધરા શહેર ની કોમર્સ કોલેજ પાસ થતા સી.એ.કેન્દ્ર ની ફાળવણી કરવામાં આવી છે.જેના કારણે વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો માં ખુશી ની લહેર પ્રસરાઈ છે.

આ અંગે કોમર્સ કોલેજ ગોધરા ના પ્રોફેસર અરૂણસિંહ સોલંકી એ આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે સંસ્થાના પ્રમુખ અને કોલેજ પરિવાર ની મહેનત રંગ લાવી છે. ગોધરા શહેર ને સી.એ.નું કેન્દ્ર ફળવાતા સી.એ ની તૈયારી કરતા વિદ્યાર્થીઓ નો સમય, શકિત અને નાણાં નો બચાવ થશે.

## ગોધરાના બખ્ખર ગામે પાણી મુકવાની નીક બાબતે બે પક્ષો વચ્ચે મારામારી

ગોધરા, ગોધરા તાલુકાના બખ્ખર ગામે જમીનમાં પાણી મુકવાની નીક બનાવવા મુદ્દે બે પક્ષો વચ્ચે મારામારી થતા બનાવ અંગે ગોધરા તાલુકા પોલીસ મથક ખાતે સાત વ્યકિતઓ સામે નામજોગ ફરીયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ગોધરા તાલુકાના બખ્ખર ગામે રહેતા અર્જુનસિંહ દિપસિંહ પટેલે શહેર તાલુકા પોલીસ મથકે નોંધાવેલી પોલીસ ફરીયાદ માં જણાવ્યું હતું કે તેમની જમીન સર્વે નંબર ૧૮૨ માં પાણી મુકવાની નીક બનાવેલ જેથી લાખાભાઈ એ જણાવેલ કે રસ્તો બનાવેલ તે જગ્યા માં કેમ પાણી મુકવાની નીક બનાવેલ છે.તેમ કહી અપશબ્દો બોલતા લાખાભાઈ પટેલ જમનાબેન પટેલ નારાયણભાઈ પટેલ સંજયભાઈ ભુરાભાઈ પટેલ આશારામ પટેલ અજયભાઈ પટેલ રહે.બખ્ખર પટેલ ફળીયુ નાઓએ એકસંપ કરી ગેરકાયદે મંડળી રચી લાખાભાઈ એ અર્જુનસિંહ ને મોઢા ના પથ્થર મારે ઈજા પહોંચાડી તમામ આરોપીઓ નાસી છુટતા અર્જુનસિંહએ ગોધરા તાલુકા પોલીસ મથક ખાતે સાત વ્યકતિઓ સામે નામજોગ ફરીયાદ નોંધાવી હતી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## પંચમહાલ જિલ્લામાં કલેકટરના અધ્યક્ષ સ્થાને કોરોનાની સ્થિતિ વિશે સમીક્ષા બેઠક યોજાઈ



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, કોરોના સંક્રમણના વધી રહેલા જોખમને દયાનમાં રાખીને પંચમહાલ જિલ્લામાં કેસોની સંખ્યા નિયંત્રણ હેઠળ રાખવાના હેતુથી કલેક્ટર અમિત અરોરાના અદયક્ષસ્થાને એક સમીક્ષા બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેકટરએ જિલ્લાના કેસો, સારવાર હેઠળના દર્દીઓ, કવોરેન્ટાઈન વિસ્તારોમાં કામગીરી, એક્ટિવ કન્ટેઈનમેન્ટ ઝોન, કોન્ટેકટ ટ્રેસિંગ, હોટ સ્પોટ, પિંક સ્પોટ, કોવિડ હોસ્પિટલમાં ઓકિસજનનો જથ્થો અને ઉપયોગ, રેમડીસીવર સહિતની દવાઓ અને કીટના ઉપલબ્ધ જથ્થા સહિતની બાબતોની તલસ્પર્શી વિગતો મેળવી હતી. છેલ્લા કેટલાક દિવસથી નવા કેસોની સંખ્યામાં વધારાને જોતા સેકન્ડ વેવની સ્થિતિમાં સુચારુ આગોતરા આયોજન અંગે કલેકટરએ માર્ગદર્શન અને સૂચના આપ્યા હતા. જિલ્લા આરોગ્ય અધિકારી અને તાલુકા આરોગ્ય અધિકારીઓને મળી રહેલા કેસોની પેટર્નને દયાનમાં રાખીને ટેસ્ટિંગ કેન્દ્રોની શરૂઆત કરવા અને આક્રમકપણે પુનઃ ટેસ્ટિંગ શરૂ કરવા સૂચના આપી હતી. સિવિલ હોસ્પિટલ, તાજપુરા હોસ્પિટલ, વિવિધ સીએચસી, ધનવતરી રથોની ઓપીડીમાં પોઝિટિવિટી વિશેની માહિતી લેતા અસરગ્રસ્ત વિસ્તારમાં ફલુકિટનું વિતરણ થાય તે સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત, ગોધરા-હાલોલ સહિતના જિલ્લાના શહેરી વિસ્તારોને સંપૂર્ણ રીતે અને અસરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારોને આવરી લે તે પ્રકારે સઘન સર્વેની તૈયારી કરી શરૂ કરવા અરોરાએ નિર્દેશ આપ્યા હતા. સર્વેમાં હોટસ્પોટ વિસ્તારો અને લક્ષણો ધરાવતા તેમજ વૃદ્ધ વ્યકિતઓ પર વિશેષ દયાન રાખવા પણ તેમને જણાવ્યું હતું. માસ્ક ન પહેરી સંક્રમણનું જોખમ ઉભું કરતા લોકોના સ્થળ પર જ કોવિડ ટેસ્ટ કરવા માટે પણ કલેકટરએ સૂચના આપી હતી. આ સમીક્ષા બેઠકમાં ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. રાઠોડ, પ્રાંત અધિકારીઓ, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી, જિલ્લા મુખ્ય તબીબી અધિકારી, આરસીએચઓ, તાલુકા આરોગ્ય અધિકારીઓ સહિતના કોવિડ કામગીરીમાં જોડાયેલા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નૂતન વર્ષાભિનંદન
મોરવા(હ) ગ્રામ પંચાયત
: સરપંચ : લલીતાબેન દિનેશભાઈ પટેલ
: ડે.સરપંચ :
: તલાટી/મંત્રી : પી. એમ. ખાંટ
તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મોરવા(હ), જી. પંચમહાલ

નૂતન વર્ષાભિનંદન
રજાયતા ગ્રામ પંચાયત
: સરપંચ : ડામોર આદેસિંહ રુમાલસિંહ
: ડે.સરપંચ :
: તલાટી/મંત્રી : રેખાબેન ડામોર
તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ.રજાયતા, તા.મોરવા(હ)

નૂતન વર્ષાભિનંદન
ભાઠા ગ્રામ પંચાયત
: સરપંચ : ભાવનાબેન ડી. પાંડોર
: ડે.સરપંચ : રમીલાબેન બામણીયા
: તલાટી/મંત્રી : આર. એસ. કે. ડામોર
તથા તમામ ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ.ભાઠા, તા.મોરવા(હ)

મનીષ એન્ટરપ્રાઈઝ દ્વારા રોજગારીની ઉત્તમ તક.....
ગૃહ ઉદ્યોગમાં રોકાણ કરીને ઘરે બેઠા ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી કમાઓ.
મો.9737024962 / 7778024962